મુખ્ય પક્ષોના ઉમેદવારો આજે ઉમેદવારીપત્રો ભરશે

ગાંધીધામ મહાનગરપાલિકાની ચૂંટણીમાં કુલ ૧૯ ફોર્મ ભરાયા

આજે અંતિમ દિવસે ઉમેદવારો-ટેકેદારોની ભીડ ઉમટશે

। ગાંધીધામ ।

ગાંધીધામ મહાપાલિકાના ૧૩ વોર્ડની બાવન બેઠકો માટે આજે વધુ ૧૯ ઉમેદવારી પત્ર ભરવામાં આવ્યા હતા. જોકે, મુખ્ય રાજકીય પક્ષોએ હજુ પોતાનો ઉમેદવારોની જાહેરાત કરી ન હોવાથી આવતીકાલે અંતિમ દિવસે શનિવારે મોટા ભાગના ઉમેદવારો ફોર્મ ભરશે તેવી શકયતા છે.

ગાંધીધામ મહાનગરપાલિકા થયા પછી મુખ્ય રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગી માટે ગાળી ગાળીને પીવામાં આવી રહ્યું છે. એક એક ઉમેદવારની પસંદગી માટે મંથન વચ્ચે હજુ આ લખાય છે ત્યાં સાંજ સુધી ભાજપ, કોંગ્રેસના ઉમેદવારની જાહેરાત કરી નથી. દરમિયાન તારીખ ૧૭ થી ઉમેદવારી પત્ર ભરવાની અલગ અલગ ત્રણ સ્થળો પર તૈયારી કરવામાં આવી હતી. આ વ્યવસ્થાના ભાગરૂપે જે તે ચૂંટણી અધિકારી સમક્ષ ઉમેદવારી પત્ર ભરાય તે માટે ગોઠવાયેલી વ્યવસ્થામાં આજે વધુ ૧૯ ફોર્મ અલગઅલગ વોર્ડમાંથી ભરવામાં આવ્યા હોવાના સંકેત મળી રહ્યા છે. હવે કાલે શનિવારે ફોર્મ ભરવાનો આખરી દિવસ હોવાથી સવારથી જ વિવિધ ચૂંટણી અધિકારીઓ સમક્ષ ફોર્મ ભરવા ઉમેદવારોનો ધસારો થાય તેવી શકયતા છે.

કરોડો રૂપિયાના રોકાણ બાદ પુન: સ્થિતિ વણસે તો આર્થિક ધુમ્બો લાગવાની ભીતિ

ખાડી દેશોના યુદ્ધમાં શિપિંગ વ્યવસાયકારો દ્વિધામાં

સીઝફાયર થતાં આંતરરાષ્ટ્રીય વેપારનો માર્ગ ખૂલવાની આશ બંધાઈ હતી : કંડલા, મુન્દ્રા આવતા વેસલ ફસાઈ જતાં ઉદ્યોગકારો મૂંઝવણમાં મુકાયા

। ગાંધીધામ ।

અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલતા ભીષણ યુદ્ધના વિશ્વ ભરમાં ઘેરા પડયા પડી રહ્યા છે. તેવામાં અમેરિકાએ સીઝફાયર કરતાં આંશિક રાહત થઈ હતી, પરંતુ બે દિવસ પહેલાં ઈઝરાયેલે કરેલા હુમલાથી કચ્છના શિપિંગ વ્યવસાયકારો અવઢવમાં મુકાઈ ગયા છે અને કરોડો રૂપિયાના રોકાણ બાદ પુન: સ્થિતિ વણસે તો મોટા પાયે આર્થિક ધુમ્બો લાગવાની ભીતિ સેવાઈ રહી છે.

ખાડી દેશોના યુદ્ધને કારણે ભારતીય શિપિંગ ઉદ્યોગને ભારે નુકસાનીનો સામનો કરવો પડી રહ્યો છે, તેમાં ખાસ કરીને ગુજરાતના બે મુખ્ય બંદર દીનદયાળ પોર્ટ ઓથોરિટી કંડલા અને મુન્દ્રા પોર્ટ પરથી આયાત, નિકાસ કરાતી માલ સામગ્રી અધવચ્ચે અટવાઈ જતાં વ્યવસાયકારોને અનેકગણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ દરમ્યાન અમેરિકાએ સીઝફાયર કરતાં વેપારીઓને આંશિક રાહત થઈ હતી અને આંતરરાષ્ટ્રીય વેપારનો માર્ગ ખૂલવાની આશ બંધાઈ હતી, પરંતુ બે દિવસ પહેલાં ઈઝરાયેલે કરેલા હુમલાથી કચ્છના શિપિંગ ઉદ્યોગકારો અવઢવમાં મુકાઈ ગયા છે.

કરોડો રૂપિયાના રોકાણ કરાયા બાદ પુન: યુદ્ધની સ્થિતિ વણસે તો ઉદ્યોગકારોને મોટો આર્થિક ધુમ્બો લાગવાની ભીતિ વ્યકત કરવામાં આવી રહી છે. વર્તમાન સમયમાં વ્યવસાયકારો કોઈ પણ પ્રકારનું જોખમ લેવા માગતા ન હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, હોર્મુઝમાં વેસલ ફસાઈ ગયા છે, દુબઈથી વેસલ આવતા નથી, ત્યારે આ સ્થિતિ જળવાઈ રહેશે તો કચ્છના શિપિંગ ઉદ્યોગને કમ્મરતોડ ફટકો પડવાની ભીતિ વ્યકત કરવામાં આવી રહી છે.

૫ હજાર ડોલર ચૂકવવા છતાં કન્ટેનર મળતા નથી

યુદ્ધના કારણે ઈમ્પોર્ટ અને એક્સપોર્ટ થયેલા કન્ટેનર દુબઈમાં અટવાઈ ગયા છે, જેના લીધે કન્ટેનરની અછત ઊભી થઈ રહી છે. હાલે વાયા કનેક્ટિવિટી મારફતે માલનું પરિવહન શરૂ કરવામાં આવ્યું છે, પરંતુ આ પ્રકિયામાં પોર્ટ પર કન્ટેનર મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. ઉદ્યોગકારો પ્રતિ કન્ટેનર દીઠ ૫,૦૦૦ ડોલર ચૂકવવા છતાં કન્ટેનર ન મળતાં હોવાની રાવ ઉઠી રહી છે.

ભારતથી કઈ કઈ સામગ્રીની આયાત - નિકાસ થાય છે?

શિપિંગ ઉદ્યોગ સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું હતું કે, ભારતીય બજારમાંથી મુખ્યત્વે ચોખા, કોલસા, ટાઇલ્સ, મિનરલ્સ, સોલ્ટ વગેરેની આયાત નિકાસ કરવામાં આવે છે, પરંતુ સીઝફાયર બાદ પણ ખાડી દેશોમાં માલ સામગ્રીનું આવન જાવન શરૂ કરવું કે કેમ? આ બાબતે વ્યવસાયકારો મૂંઝવણમાં મુકાઇ ગયા છે. તેમ છતાં આવનાર સમયમાં સ્થિતિ ઘાળે પડવાની શકયતા સૂત્રો દ્વારા વ્યકત કરવામાં આવી રહી છે.

ફોર્મ છ

અમદાવાદ ખાતે પુન: પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે કાર્યરત મેટ્રિક્સ ગેસ એન્ડ રિન્યૂએબલ્સ લિમિટેડ માટે અભિરૂચિની અભિવ્યક્તિ માટે આમંત્રણ

(ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈન્સોલ્વન્સી રિઝોલ્યૂશન પ્રોસેસ ફોર કોર્પોરેટ પર્સન્સ) નિયમનો, ૨૦૧૬ના નિયમન ૩૬એ (૧) હેઠળ)

સંબંધિત વિગતો

૧.	કોર્પોરેટ ડેબ્ટરનું નામ પાન/સીઆઈએન/એલએલપી નં. સાથે	મેટ્રિક્સ ગેસ એન્ડ રિન્યૂએબલ્સ લિમિટેડ પાન:AAHCG2065R CIN:U74999GJ2018PLC101075
૨.	રજિસ્ટર્ડ વેબેલ ઓફિસનું સરનામું	૧૦મો માળ, એ બ્લોક, વેસ્ટગેટ બિઝનેસ બે, એસ.જી. રોડ, જીવરાજ પાર્ક, અમદાવાદ, અમદાવાદ જીલ્લો, ગુજરાત-૩૮૦૦૧૫, ભારત
૩.	વેબસાઇટનું યુઆરએલ	https://matrixgas.org/cirp/
૪.	જ્યાં મોટા ભાગની ફિક્સ્ડ એસ્કામતો છે તે સ્થાનની વિગત	ગુજરાત અને પુના
૫.	મુખ્ય પ્રોડક્ટ્સ/સેવાઓની સ્થાપિત ક્ષમતા	મેટ્રિક્સ ગેસ એન્ડ રિન્યૂએબલ્સ લિમિટેડ (MGRL) નેચરલ ગેસના સોર્સિંગ અને માર્કેટિંગ જેવા નેચરલ ગેસના એક્ટિવિટીઝમાં કાર્યરત છે તથા સોલાર (ઉર્જા)માં સેવાઓ આપવા સહિત પુન: પ્રાપ્ય ઊર્જા પરિયોજનાના નિર્માણ અને વિકાસના કામમાં છે. કંપનીની સેવાઓ અને સમાધાનોમાં ગેસ એક્ટિવિટીઝ, બાયોગેસ અને સોલાર સમાવિષ્ટ છે.
૬.	ઈલ્સા નાણાકીય વર્ષમાં વેચાયેલ મુખ્ય પ્રોડક્ટ્સ/સર્વિસિસનો જથ્થો અને મૂલ્ય	ના. વ. ૨૦૨૩-૨૪ માટે લેટેસ્ટ ઉપલબ્ધ બેલેન્સ શીટ મુજબ: સામાન્ય (નેચરલ ગેસ સહિત)નું વેચાણ : રૂ. ૬૦૬.૪૬ કરોડ સેવાઓનું વેચાણ (સોલાર પાવર) : રૂ. ૨.૬૫ કરોડ
૭.	કર્મચારી/કામદારોની સંખ્યા	નિલ
૮.	બે વર્ષમાં ઉદ્યોગ ઉપલબ્ધ નાણાકીય અહેવાલો (પરિશિષ્ટ સાથે), કંડિટરોની મૂર્ચિ સહિતની બધુ વિગતો આ યુઆરએલ પર ઉપલબ્ધ :	વધુની માહિતી યુઆરએલ : https://matrixgas.org/cirp/ પરની ડાઉનલોડ કરી શકાશે.
૯.	કાયદાની ૨૫(૨)(એચ) હેઠળ રિઝોલ્યૂશન અરજદારોની લાયકાત વિગતો આ યુઆરએલ પર ઉપલબ્ધ :	કાયદાની ૨૫(૨)(એચ)ની શરતો મુજબ રિઝોલ્યૂશન અરજદારોની વિસ્તૃત લાયકાત વિગતો વિસ્તૃત અભિરૂચિની અભિવ્યક્તિ (EOI)માં આપવામાં આવેલ છે અને તે નીચે આપેલ યુ.આર.એલ https://matrixgas.org/cirp/ પર ઉપલબ્ધ છે.
૧૦.	અભિરૂચિની અભિવ્યક્તિ મેળવવાની અંતિમ તારીખ.	૨૬-૦૪-૨૦૨૬ (૬૪મી એક્ટિવ, ૨૦૨૬)
૧૧.	સંભવિત રિઝોલ્યૂશન અરજદારોની કામચલાઉ યાદી જાહેર કરવાની તારીખ	૦૬-૦૫-૨૦૨૬
૧૨.	કામચલાઉ યાદી અંગે વાંધા જમા કરવાની અંતિમ તારીખ	૧૧-૦૫-૨૦૨૬
૧૩.	સંભવિત રિઝોલ્યૂશન અરજદારોની અંતિમ યાદી જાહેર કરવાની તારીખ	૨૧-૦૫-૨૦૨૬
૧૪.	માહિતીનું મેમોરેન્ડમ, મૂલ્યાંકન મેટ્રિક્સ તથા સંભવિત રિઝોલ્યૂશન અરજદારોએ રિઝોલ્યૂશન પ્લાન્સ માટે અરજ જાહેર કરવાની તારીખ	૨૬-૦૫-૨૦૨૬
૧૫.	રિઝોલ્યૂશન પ્લાન્સ જમા કરવાની અંતિમ તારીખ	૨૫-૦૬-૨૦૨૬ (૨૫મી જૂન, ૨૦૨૬)
૧૬.	ઈઓઆઈ જમા કરવાનું પ્રોસેસ ઈ-મેલ આઈડી	CIRPOFMATRIXGAS@minervaresolutions.com

મેટ્રિક્સ ગેસ એન્ડ રિન્યૂએબલ્સ લિમિટેડ વતી
સહી/-
મિનરવા રિઝોલ્યૂશન્સ સોલ્યુશન્સ (આઈપી નવનીત કુમાર ગુપ્તા દ્વારા મ્સ્ત્ત)
રિઝોલ્યૂશન પ્રોફેશનલ
મેટ્રિક્સ ગેસ એન્ડ રિન્યૂએબલ્સ લિ.
આઈપીઈ આઈબીબીઆઈ રજીસ્ટ્રેશન નં. IBBI/IPE-0135/IPA-1/2022-23/50025 (એએફએ માન્ય ૩૦ જૂન ૨૦૨૬ સુધી)
આઈપી આઈબીબીઆઈ રજીસ્ટ્રેશન નં. IBBI/IPA-001/IP-P00001/2016-2017/10009 (એએફએ માન્ય ૩૦ જૂન, ૨૦૨૬ સુધી)
પત્રવ્યવહારનું સરનામું : એરાણમોડ, ૧૦૮/૧૦૦, પોકેટ-૧૫, સેક્ટર ૩, દ્વારકા, નવી દિલ્હી ૧૧૦૦૭૮
તારીખ : ૧૧-૦૪-૨૦૨૬
સ્થળ : નવી દિલ્હી
યુક્ર સિટર, સેક્ટર ૩એ, દ્વારકા, નવી દિલ્હી ૧૧૦૦૭૮
રજીસ્ટર્ડ સરનામું : ૧૦, અભીપુર રોડ, સિવિલ લાઈન્સ, નવી દિલ્હી ૧૧૦૦૫૪

રાપર તાલુકા ગુર્જર મેઘવાળ સમાજ દ્વારા આયોજનને અપાયો આખરી ઓપ

ગાંધીધામમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી નિમિત્તે શોભાયાત્રા નીકળશે

સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાથી મહારેલીનો પ્રારંભ કરાશે

। ગાંધીધામ ।

શહેરમાં રાપર તાલુકા ગુર્જર મેઘવાળ સમાજ દ્વારા આગામી તા.૧૪મી એપ્રિલે ડૉ.બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સવારે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવશે.

રાપર તાલુકા ગુર્જર મેઘવાળ સમાજ ગાંધીધામ કોમ્પ્લેક્સની અહીંના બુદ્ધ વિહાર ખાતે બેઠક યોજાઈ હતી, જેમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૪ મી એપ્રિલે ડૉ.બાબા સાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતી મહોત્સવની ઉજવણીનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બેઠકમાં સમાજના આગેવાનો દ્વારા અનુસૂચિત જાતિના તમામ લોકોને શોભાયાત્રામાં ઉપસ્થિત રહેવા આહ્વાન કરાયું હતું.

શોભાયાત્રાનો સવારે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાથી પ્રારંભ કરાશે, બાદ ઝંડા ચોક, ગાંધી માર્કેટથી ટાગોર રોડ થઈને ડૉ. બી.આર. આંબેડકર સર્કલ પાસે ડૉ.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાએ પહોંચશે, જ્યાં બંધારણના ઘડવૈયાને હારારોપણ કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ થશે. આયોજનને સફળ બનાવવા સમાજના પ્રમુખ માલસી પરમારની આગેવાનીમાં અગ્રણીઓ, આગેવાનો, યુવાનો જહેમત ઉઠાવી રહ્યા છે.

ગાંધીધામના રેલવે સ્ટેશનમાંથી ભુજનો શખસ દારૂ-બિયરના જથ્થા સાથે પકડાયો

। ભુજ । (સંદેશ પ્રતિનિધિ)

ગાંધીધામ રેલવે સ્ટેશનમાંથી ભુજનો શખસ દારૂ-બિયરના જથ્થા સાથે પકડી પાડવામાં આવ્યો હતો. તેની પાસેથી પોલીસ દ્વારા કુલ રૂ. ૨૨,૨૬૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

આ અંગે ગાંધીધામ રેલવે પોલીસ સ્ટેશનમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર પોલીસની ટીમ રેલવે સ્ટેશન પર આવતી-તજી ટ્રેનો પર વોચ રાખી રહી હતી. આ દરમ્યાન રેલવે પ્લેટફોર્મ નં.૧ના કંડલા તરફની સીડી નીચે એક શખસ જોવા મળ્યો હતો. તેની પૂછરછ કરીને તેણે પોતાનું નામ રવિલાલ ખટાઉભાઈ દાવડા અને પોતે ભુજના જયેષ્ઠા નગર શાળા નં.૬ની સામે રહેતો હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની પાસે થેલાની તપાસ કરતાં તેમાંથી દારૂ-બિયરની બોટલો મળી આવી હતી. વધુ પૂછપરછમાં રવિલાલે જણાવ્યું હતું કે, તે મુંબઈમાં અલગ-અલગ બારમાંથી દારૂની બોટલો લઈને થેલામાં ભરીને મુંબઈ થી સયાજીનગરી એક્સપ્રેસ ટ્રેનમાં સ્લીપર ક્લાસની વેઈટિંગ ટિકિટ લઈને ભુજ ખાતે છૂટક વેચાણ માટે લઈ જઈ રહ્યો છે. આમ કુલ રૂ.૨૨,૨૬૦નો મુદ્દામાલ કબજે કરીને ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

અધીક્ષક ડાકઘરની કચેરી, કચ્છ વિભાગ, ભુજ - ૩૭૦૦૦૧

ભારતીય ટપાલ વિભાગ : ભારત

ભારતના રાષ્ટ્રપતિ શ્રી વતી સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, કચ્છ ડિવિઝન, ભુજ - ૩૭૦૦૦૧ તરફથી બે (૨) વર્ષની મુદત માટે ભુજ- નલિયા અને નલિયા-ભુજ વચ્ચે ટપાલ થેલાના વહન માટે બંધ બોડીનું એક હજાર (૧૦૦૦) કિલોની ક્ષમતા ધરાવતા ચાર પૈડા વાળા વાહન ભાડે લેવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડરની વિગત નીચે મુજબ છે.

ઈ-ટેન્ડર નં.	Gem/2026/B/7342940
ઈ-ટેન્ડરની રકમ	રૂ.૨૬,૦૦૦,૦૦/- (અંદાજે રૂ. છપ્પીસ લાખ)
EMD પેટે જમા કરવાની રકમ	રૂ.૫૨,૦૦૦/- (રૂ. બાવન હજાર)
ઓનલાઇન બીડ ચાલુ થવાની તારીખ	૦૯-૦૪-૨૦૨૬
ઓનલાઇન બીડ પૂરી થવાની તારીખ	૦૮-૦૫-૨૦૨૬ સાંજે ૧૩.૦૦ વાગ્યા સુધી
ઈ-ટેન્ડર ખોલવાની તારીખ	૦૮-૦૫-૨૦૨૬ સાંજે ૧૩.૩૦ વાગ્યા પછી
સ્થળ	અધીક્ષક ડાકઘરની કચેરી, કચ્છ ડિવિઝન, કેમ્પ એરિયા, ભુજ -૩૭૦૦૦૧

ટેન્ડરની વિશેષ માહિતી વેબ સાઇટ http://gem.gov.in પરથી મળી શકશે.
તારીખ : ૦૯-૦૪-૨૦૨૬
સ્થળ : ભુજ
અધીક્ષક ડાકઘર,
કચ્છ ડિવિઝન, ભુજ - ૩૭૦૦૦૧

આજે સાંજે ૭:૩૦ વાગે ભવ્ય શુભારંભ
ભારતનું સૌથી મોટું સર્કસ ગાંધીધામમાં પહેલીવાર

કંડલામાં ફીટ આવતાં પડી ગયેલી કિશોરીએ સારવારમાં આંખો મીચી લીધી

। ગાંધીધામ ।

કંડલા ખાતે ખત્રી કોલોનીમાં ફીટ આવતાં પડી ગયેલી કિશોરીએ સારવાર દરમ્યાન આંખો મીચી લીધી હતી.

કંડલા મરીન પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ તા. ૨/૪ ના સાંજના ખત્રી કોલોનીમાં રહેતી મહેક અસગર સંઘાર, ઉ.વ.૧૫ ઘરે હતી, ત્યારે ફીટ આવતાં સીડી ઉપરથી પડી ગઈ હતી. તેવામાં ગળામાં ઓઢણી આવી જતાં ગંભીર ઈજા થતાં હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. બાદમાં વધુ સારવાર માટે ભુજની હોસ્પિટલમાં રિફર કરાઈ હતી, પરંતુ સારવાર કારગત નીવડે એ પહેલાં તા.૯/૪ના સાંજના અંતિમ શ્વાસ લઈ લેતાં અરેરાટી પ્રસરી ગઈ હતી.

ગાંધીધામના વિવિધ વિસ્તારમાં આજે વીજ પુરવઠો બંધ રહેશે

। ગાંધીધામ ।

પીજીવીસીએલ દ્વારા કામગીરીના અનુસંધાને વીજ પુરવઠો બંધ રાખવામાં આવતો હોય છે. તા. ૧૧ ના પણ વિવિધ વિસ્તારોમાં વીજ પુરવઠો બંધ રહેશે તેમ જણાવાયું હતું.

સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ વીજ મરંમતની કામગીરીના પગલે વિવિધ વિસ્તારમાં તારીખ ૧૧ ના સવારે ૮થી ૪ સુધી વીજ પુરવઠો બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. રિપેરિંગના કારણે ૬૬-કે.વી. ડી.સી ફાઇવ વિસ્તારના ફીડરમાં આવતાં વિસ્તારોમાં તેની અસર થશે. પુરવઠો બંધ રહેશે તેમાં સુભાષ નગર,વોર્ડ નંબર ૬, ૭, સપના નગર, સુંદરપુરી, ગુરૂકુળ, રેલવે કોલોની, શકિત નગર, અપના નગર વગેરે વિસ્તારનો સમાવેશ થાય છે.

બૅંક ઑફ ઇંડિયા Bank of India BOI | મુંદ્રા શાખા ગાંધીનગર ઝોન | સમાનગીરો મૂકેલ વાહનની જાહેર હરાજીની નોટીસ

આથી વાહન લોન લેનાર નીચેના કરજદાર, તેમના કાનૂની વારસદાર અને સામાન્ય જનતાનુ ધ્યાન દોરવામાં આવે છે કે બૅંક દ્વારા વારંવાર રીમાઈન્ડર/નોટિસ આપવા છતા, નીચેના કરજદારે બૅંકને તેમના લ્હેણાંની ચુકવણી કરી નથી.
આથી આ નોટીસ પ્રકાશિત કરવામાં આવે છે કે જો તેઓ (એસ.આર. નં. ૧) તા. ૨૯.૦૪.૨૦૨૬ અને (એસ.આર. નં. ૨) તા. ૨૫.૦૫.૨૦૨૬ સુધીમાં તેમના સંબંધિત વાહન લોન ખાતામાં (આજ સુધીનું વ્યાજ અને તમામ કોસ્ટ ચાર્જીસ/ખર્ચાઓ સહીત) તેમના તમામ લ્હેણાં જમાં કરાવવામાં નિષ્ફળ જશે તો https://baanknet.com દ્વારા (એસ.આર. નં. ૧) તા. ૩૦.૦૪.૨૦૨૬ અને (એસ.આર. નં. ૨) તા. ૨૬.૦૫.૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યાથી તેમના સમાનગીરો મૂકેલ વાહન (જેમ છે જ્યાં છે' 'જે છે તે મુજબ' 'જે કાંઈ છે' અને 'આશ્રય વિના') જાહેર જનતા માટે ઓનલાઈન હરાજીમાં મુકવામાં આવશે. આ માટે બૅંક સંબંધિત ઋણ લેનારને થતી કોઈપણ અસુવિધા અથવા નુકશાન માટે જવાબદાર રહેશે નહિં અને આ સંબંધમાં ઋણ લેનાર તરફથી કોઈપણ આક્ષેપો અથવા રજૂઆતોને ધ્યાનમાં લેવામાં આવશે નહિં.
બિડિંગમાં ભાગ લેવા માટે રસ ધરાવતી વ્યક્તિઓએ નીચે દર્શાવેલ બૅંક ખાતામાં તારીખ ૩૦.૦૪.૨૦૨૬ અને ૨૬.૦૫.૨૦૨૬ સુધીમાં અથવા તે પહેલા ઈએમડીની રકમ જમાં કરાવવાની રહેશે. જે વ્યક્તિઓએ અંતિમ બિડિંગમાં ભાગ લીધો હોય અને સૌથી વધુ બિડ કરી હોય તો તેમની બિડ સ્વીકારવામાં આવશે અને નેઓ સાત દિવસની અંદર બૅંકમાં સંપૂર્ણ રકમ જમા કરાવવા માટે સમર્થ હોવા જોઈએ, જો તેમ કરવામાં અસફળ રહેશે તો તેમની ઈએમડીની રકમ જપ્ત કરવામાં આવશે. જો બિડિંગની કિંમત ઓછી કે અપૂરતી આવી હોવાનું જણાયુ હોય તો બૅંક કોઈપણ કારણ આપ્યા વગર હરાજી રદ કરવાનો અધિકાર અનામત રાખે છે. વધુમાં, જો જરૂરી હોય તો, બૅંક ઉપરોક્ત સુનિશ્ચિત હરાજીની તારીખ, સમય અથવા સ્થાન બદલવાનો અથવા કોઈ પણ કારણ આપ્યા વિના તેને રદ કરવાનો અધિકાર અનામત રાખે છે.

કરજદારનું નામ, ખાતા નંબર અને બાકી લ્હેણાં	સમાનગીરો મૂકેલ વાહનનું મોડલ અને રજીસ્ટ્રેશન નંબર (એન્ક્રોચમેન્ટ એજન્સી દ્વારા જપ્ત)	વાહન નિરીક્ષણની તા. અને સમય	રીઝર્વ કિંમત અને ઈએમડી	બીડ વધારવાની રકમ	ઈ-હરાજીની તારીખ અને સમય
શ્રીમતી રશ્મીબેન જયેશભાઈ જાની (ખાતા નંબર ૩૮૨૫૬૨૩૧૦૦૦૦૦૦૩) એનપીએ તા. ૧૩.૦૬.૨૦૨૫ એનપીએ મુજબ બાકી લ્હેણા રૂ. ૯,૩૨,૭૭૩.૫૦ + વસૂલ ન કરેલ વ્યાજ+ચાર્જીસ	૧). મહીન્દ્રા એન્ડ મહીન્દ્રા બોલેરો મેક્સ PUP HD 2.0 L VXL રજી. નં. GJ-12-CT-5372 ચેસીસ નં. MA1RE2TTKR6H32602 એન્જીન નં. TTR4H26239 કલર: વ્હાઈટ	તારીખ ૨૮.૦૪.૨૦૨૬ સમય: સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦	રીઝર્વ કિંમત ૮,૦૦,૦૦૦/- ઈએમડી ૮૦,૦૦૦/-	રૂ. ૧૦,૦૦૦/-	તારીખ ૩૦.૦૪.૨૦૨૬ સમય સવારે ૧૧ થી સાંજે ૫
શ્રીમતી રશ્મીબેન જયેશભાઈ જાની (ખાતા નંબર ૩૮૨૫૬૦૫૧૦૦૦૦૩૮૦) એનપીએ તા. ૧૩.૦૬.૨૦૨૫ એનપીએ મુજબ બાકી લ્હેણા રૂ. ૧૮,૯૬,૧૮૪.૦૦ + વસૂલ ન કરેલ વ્યાજ+ચાર્જીસ	૨). કીઆ સેલ્ટોસ D 1.5 6 AT GTX Plus રજી. નં. GJ-12-FE-3657 ચેસીસ નં. MZ8ET813MRN656413 એન્જીન નં. D4FARM166325 કલર: વ્હાઈટ	તારીખ ૨૨.૦૫.૨૦૨૬ સમય: સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦	રીઝર્વ કિંમત ૧૫,૦૦,૦૦૦/- ઈએમડી ૧,૫૦,૦૦૦/-	રૂ. ૧૦,૦૦૦/-	તારીખ ૨૬.૦૫.૨૦૨૬ સમય સવારે ૧૧ થી સાંજે ૫

(એસ.આર. નં. ૧) ૧૫ દિવસની વેચાણ નોટીસ અને (એસ.આર. નં. ૨) ૩૦ દિવસની વેચાણ નોટીસ

એનઈએફટી / અન્ય માધ્યમ દ્વારા ભારી રહેલ બીડની રકમ જમા કરવવા માટે બૅંક ખાતાની વિગત:
બૅંક ઓફ ઈન્ડિયા, મુંદ્રા શાખા, ખાતા. નં. ૩૮૨૫૯૦૨૦૦૦૦૦૦૩૩, આઈએફએસસી કોડ: BKID0003825

હરાજીના વેચાણની બીડ અને ઈએમડી ડીપોઝીટ વેબસાઈટ દ્વારા ઓનલાઈન થશે અને હરાજીની નિયમો અને શરતો માટે મહેરબાની કરીને બૅંક ઓફ ઈન્ડિયા, સુરક્ષિત લેણદારની લીંક https://baanknet.com અને https://www.bankofindia.bank.in/ નો સંદર્ભ લો. હરાજી માટેની વધુ માહિતી માટે મહેરબાની કરીને બૅંક ઓફ ઈન્ડિયા, મુંદ્રા શાખા, મો. નં. ૮૮૬૦૫૭૦૭૫ ઉપર સંપર્ક કરો.

તારીખ: ૧૧.૦૪.૨૦૨૬, સ્થળ: મુંદ્રા
અધિકૃત અધિકારી, બૅંક ઓફ ઈન્ડિયા

TJSB SAHAKARI BANK LTD. MULTI-STATE SCHEDULED BANK
Bharose ka Bank Bhavishya ka Bank

BUILDING ON ₹25,000 CR. SCALING NEW MILESTONES
Presence in 7 States
Network of 165 Branches

AUDITED KEY FINANCIALS (₹ in crores)

Particulars	31-03-2026	31-03-2025
Business Mix	25,360	23,105
Deposits	16,244	14,849
Advances	9,116	8,256
Gross Profit	287	252
Net Profit	155	185
Owned Funds	1,773	1,639
Gross NPA	3.11%	3.59%
Net NPA	0.00%	0.00%
CRAR	16.89%	17.48%

www.tjsb.bank.in | Toll Free: 1800 266 3466 | 1800 103 466

Kühl Stylish Fans
સુંદર પંખા સાથે ઘરની સજાવટ વધારો

BLDC પંખા
વીજળી બચાવો
• ઉચ્ચ એર ફ્લો
• ઓછો આવાજ
• ડાઉન લાઈટ
• BLDC મોટર
*આના પર કાર્ય કરે: રિમોટ, સ્માર્ટફોન, વાઈ-ફાઈ/આઈઓટી અલેક્સા
Remote Phone Wifi Alexa

*T&C Apply

કિંમત રેન્જ: ₹2500 થી ₹29000
Scan QR to know more | Buy Online on: | *Available Colours: BLACK BROWN TEAK WHITE | Scan to Locate Nearest Dealer

GUJARAT: • **Surat:** Marut Enterprise - 9712952668 • **Ahmedabad:** Shree Matangi Traders - 9725707250, Hicore Electricals - 9978603864 • **Navsari:** Mansi Watch & Electricals - 7990134002 • **Baroda:** V R Sales - 7043612171 • **Bharuch:** Madni Electricals And Electronics - 9978972377 • **Vadodara:** Heer Enterprise - 9974137101